# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વેદનાઓ યુગજૂની છે, પણ છે !
આમ એ સહુની સગી છે, પણ છે !

સાવ નિર્મમ હો એવું  પણ ક્યાં છે ?
સુખ હશે ત્યાં  હાજરી છે, પણ છે !

રાજરાણી  જે હતી ગઇ કાલે
આજ એ દાસી બની છે, પણ છે !

કાચની  એ પૂતળી છે અદ્દલ
પણ ખટકતી કણી છે, પણ છે !

ધ્યાનથી જો, હસ્તરેખા નીચે
ત્યાં  દટાયેલી નદી છે, પણ છે !

કંઠમાં આવી આવીને અટકે
ગીતની અડધી  કડી છે, પણ છે !

મહેન્દ્ર જોશી.

## પાથેય

- રમેશ ઠક્કર

# વેદનાનું કાયમી સગપણ...

સામાન્ય માણસો ખુશીઓ કે સુખ વિશે વાત કરતા રહે છે.કવિઓ વેદનાઓની વાતો કરે છે.આ ફરક હોય છે.આપણા દર્શનમાં અને સર્જકના દર્શનમાં આ ફરક છે.ઘણી વખત જે હોય એનો સ્વીકાર કરવો અઘરું કામ છે.માણસને જે મનગમતું હોય એને ગળે લગાવી દે છે. સુખની સતત તલાશમાં રહેતો માણસ પોતાને જે ચીજ સુખની અનુભૂતિ કરાવે એને ચાહતમાં પલટતો રહે છે.વાસ્તવિકતા છે કે આજે જે ચીજ ગમતી હોય એ ક્યારેક અણગમતી બની જાય છે.એ સમયે માણસે જે સુખનું વર્તુળ ઊભું કર્યું હોય છે એ આપોઆપ સમેટાઈ જાય છે.આ એક વિકટ પરિસ્થિતિ છે અને એટલે જ માણસ શાશ્વત સુખની શોધની શોધમાં સતત ભટકતો રહે છે.

માણસ જ્યારથી આ ધરતી ઉપર અસ્તિત્વમાં આવ્યો ત્યારથી જ એની સામે મુશ્કેલીઓ અને અડચણો સતત આવતી રહી છે.આમ જોઈએ તો એને આ બધી વિટંબણાઓ સાથે દોસ્તી થઈ જવી જોઈએ.માણસને દુઃખની અનુભૂતિ હંમેશા સતાવે છે.એ સતત એનાથી દૂર ભાગવાનો પ્રયાસ કરતો રહે છે.કવિ કહે છે કે વેદનાઓ જુગ જુની છે.માણસની સાથે સતત ધબકતી રહે છે.તો એનો સ્વીકાર સહજ રીતે કેમ ન થઈ શકે ? જે છે એ છે જ.એવો અભિગમ કદાચ મુશ્કેલીઓ સામે ટકી રહેવા માટે ઉત્તમ પુરવાર થાય છે.

સુખ અને દુઃખના બે પૈડાં ઉપર સંસાર હચક ચાલતું રહે છે.વેદનાઓ માનવજાતની સફરમાં સતત સાથે હોય છે.આપણે એનો સ્વીકાર કરીએ કે ના કરીએ,એ આપણા અભિગમ ઉપર આધાર રાખે છે.આજે જે રાણી હોય છે એ આવતીકાલની દાસી બની શકે છે.દરિયામાં કદી ભરતી તો કદી ઓટ આવતી રહે છે.દિવસના પણ કેટલા રંગો હોય છે ? ક્યારેક તડકો અકળાવે છે તો ક્યારેક છાંયડાનો નાનકડો વિરામ માણસને શાતા આપી જાય છે.વેદનાઓ સાવ નિર્મમ પણ નથી હોતી.દરેક દુઃખની પાછળ સુખ સંતાઈને ઊભેલું હોય છે. આપણે થોડીક ધીરજ રાખવાની હોય છે.

વેદનાઓને સમજવા માટે માણસની જીવન સમજણ જ કામ લાગે છે .આપણે જેને સરસ મજાની કાચની પૂતળી માની અહોભાવ વ્યક્ત કરતા રહીએ એની પાછળ કોઈક ખટકતી કણી પણ હોય છે.એવું જ્યારે આપણે અનુભવીએ ત્યારે પારાવાર વેદના અનુભવીએ છીએ.ક્યારેક માણસને સુંદર ગીત ગાવાની ઈચ્છા થઈ આવે પણ એની એકાદ કડી કંઠમાં આવીને અટકી જાય એવા સંજોગો પણ આવતા હોય છે. મુસીબતોની આ ખાસિયત છે.આપણે એ જે છે એવા સ્વરૂપે જ સ્વીકારીએ એમાં જ ડહાપણ સમાયેલું છે.

# આવું શાને થાય છે?



રંગ અને વ્યંગ
અનંત પટેલ

સામાન્ય બોલચાલમાં સહજતાથી  થતાં કેટલાંક રસપ્રદ ઉચ્ચારણો/કે અવલોકનમાં જોવા મળતી ઘટનાઓ  નીચે મુજબ છે.......આપને તે વાંચવાનું જરૂર ગમશે.. (શીર્ષકમા જે સવાલ મૂક્યો છે તે નીચેના દરેક વાક્યની પાછળ જરુર વાંચજો..)

★ અનાજ દળાવા જનાર 'હું તો લોટ દળાવા જાઉં છું' એમ જ બોલે છે.....

★ ચોખ્ખુ ઘી ખાનારા અમે 'કાયમ ચોખ્ખી ભેંસનું ઘી જ ખઇએ છીએ' એમ જ બોલે છે.....

★ કોઇપણ સારા માણસ માટે ' મગનભાઇ સજ્જન માણસ છે' એમ જ બોલાય છે......

★ રોજ શાકવાળો તમારા ઘર આગળથી નીકળતો હોય પણ જે દિવસે તમે એની આતુરતાથી રાહ જૂઓ એ દિવસે એ આવે જ નહિ કે પછી ( તમે લીલા શાકને બદલે દાળ કે કઢીથી ચલાવી લો તે પછી ) ખૂબ મોડો આવે......

★ ઘણીવાર એવું બને કે શાકવાળો સમયસર આવે પણ તમારે જોઇતું હોય એ જ શાક એની પાસે ના હોય......

★ એટીએમમાં લાઇન નહિ જોઇને તમે ખુશ થઇ જાવ પણ અંદર જઓ ત્યારે ખબર પડે કે એ દિવસે એટીએમ જ બગડેલું ( આઉટ ઓફ ઓર્ડર) છે......

★ છોકરાને પરણવાની કંઇ ઇચ્છા ન હોય ત્યારે એના માટે ન્યાતમાંથી ઉપરા ઉપરી પૂછાણ થવા લાગે......

★ ખૂબ કાળા વાદળ ચઢે ,ગરજે, વીજળી ય ચમકે પણ છાંટો ય વરસાદ પડે નહિ...... અને શિયાળામાં અચાનક બિન બાદલ બરસાત તૂટી પડે......!!!!

★ આખલાઓ લીલાં ખેતરો ચરી જાય છે અને કામધેનુને એક તણખલું  ય જોવા મળતું નથી.....

★ કાગડા દહીથરાં લઇ જાય છે અને હંસલા તરફડે છે...

★ જમવામાં જગલો અને કૂટવામાં ભગલો ...!!!

★ જે પાક વધારે ઉતરે તેના ભાવ પણ ઉતરી જાય ને બીજા વરસે ખેડૂતો તેનું વાવેતર ના કરે તો તેના ભાવ વધતા જ જાય...!!!!

★ કચરો લેવા વાળી ગાડી રોજ મોડા વહેલી આવે, તમે ટાઇમસર કચરાની ડોલ આપવા માટે તત્પર થઇને રાહ જોતા હોવ ત્યારે એ આવે જ નહિ, ને તમે એ મોડી આવશે એમ માનીને બીજા કામમાં વળગો તો ત્યારે જ એનું હોર્ન વાગવા  મંડે અને તમને દોડાદોડી થાય એ વધારાની...

★ વહુ સાસુને માન આપવા જાય તો એમાં સાસુને  વહુની કોઇ ચાલ લાગે....અને જો સાસુ વહુને એની મરજી મુજબ કામ કરવા દે તો વહુને એમ લાગે કે સાસુને કંઇ આવડતું જ લગતું નથી...!!!!!

★ બોસ ફાઇલો માત્ર સહી કરીને જ પરત કરે તો નીચેના સ્ટાફને એવું લાગે કે ભઇ એમને કંઇ ટપ્પા પડે  તો કશું લખે ને .........!!!!!

★ ડાહી સાસરે  જાય નહિ ને ગાંડીને સાસરે જવાની શિખામણ  આપતી રહે...

★ આ કેવું ? સારાં સપનાં કદી સાચાં ન પડે પણ ખરાબ વિચારો કે ખરાબ સપનાં  સાચા પડી જાય ખરા......!!!!

★  જેમની સલાહ પોતાના જીવનમાં અવળી જ પડી હોય એ પાછા બીજાને પોતાની સલાહ આપે જ જાય છે......

★ ક્રિકેટર,કલાકાર,લેખક, કવિ કે કોઇ ચોક્કસ વ્યવસાય કરનારના કુટુંબમાંથી બીજુ કોઇ એવું બનશે જ  એમ માનવું જ નહિ...કેમ કે લગભગ તો એવું કોઇ નીકળતું જ નથી...!!!

★ લોકોને કવિતા ઓછી અને જોક્સ વધારે ગમે છે....

★ લોકો કુટુંબના સભ્યોને વોટસ  અપ ઉપર જ ગુડ મોર્નિંગ અને ગુડનાઇટ કરે છે, ભલેને બધા એક જ ઘરમાં રહેતા હોય.....

આ યાદી તો ઘણી મોટી થાય એમ છે, તમે પણ એમાં ઉમેરો કરી શકો એમ છો, કંઇ સૂઝે તો અમને જરૂર મોકલશો...

મો. ૯૮૯૮૪૦૯૦૫૩, anantpatel135@yahoo.com

# સેવા રૂરલઃ સેવાની ઝળહળતી મશાલ



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગામની આ સત્ય ઘટના છે. પ્રમાણમાં નજીક કહી શકાય તેવા ભરૂચ-વાપી તથા અંકલેશ્વરના વિકાસની કોઈ નોંધપાત્ર અસર હજુ આ ઝગડીયા વિસ્તારના ઊંડાણના ગામોમાં પહોંચી નથી. આ વિસ્તારના એક બહેનની ડિલિવરી માટે ૧૦૮ની સેવાનો લાભ મેળવીને નજીકના સાગબારાના સરકારી દવાખાનામાં અને ત્યાંથી રાજપીપળાની સરકારી હોસ્પિટલોમાં તેમને પહોંચાડવામાં આવ્યા. નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળામાં પણ ગાયનેકોલોજિસ્ટ ન હોવાથી આ બહેનને સેવા રૂરલની ઝગડીયા હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપવામાં આવી. વોટ્સઅપના માધ્યમથી સેવા રૂરલના ડોક્ટરોને દર્દી પહોંચે તે પહેલા તેમની વિગતોથી વાકેફ કરવામાં આવ્યા. બહેનને મધ્યરાત્રીએ સેવા રૂરલની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા ત્યારે સેવા રૂરલની સમગ્ર મેડિકલ ટીમ તૈયાર હતી. લોકલ એનેસ્થેસિયા આપી સિઝેરિયનથી ડિલિવરી કરાવવામાં આવી. બાળકને જન્મ પછી દ્વૈંઝેંમાં સાચવી ભયમુક્ત કરવામાં આવ્યું. માતા તથા બાળક બંનેની તબિયત સ્વસ્થ થતાં તેમને રજા આપવામાં આવી. નાની દેખાતી આ ઘટનાનું મૂલ્ય અનોખું છે. લોકોની વચ્ચે રહીને સેવાની ધૂણી ધખાવવી તે મહાત્મા ગાંધીની શીખ હતી. મહાત્માની આ ઈચ્છાને અનુસરીને જ જુગતરામ દવે વેડછીમાં બેઠા અને સેવાની જ્યોત જલતી રાખી. ઠક્કરબાપા પણ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે પંચમહાલ જિલ્લાને સમર્પિત થઈને રહ્યા. રવિશંકર મહારાજ મહી નદીના ભીષણ કોતરોમાં ભયરહિત થઈને વિચરતા રહ્યા, ધારાળા તથા પાટણવાડિયાઓ જેવા સરકારી ચોપડે ગુનેગાર ગણાતા લોકોની સેવામાં મહારાજે જીવનની સાર્થકતા જોઈ. લોકો વચ્ચે રહીને જ લોકોની નિઃસ્વાર્થ સેવા કરતી સંસ્થાઓની યાદી તૈયાર કરીએ તો સેવા રૂરલ(ઝગડીયા)ને તેમાં અગ્રસ્થાને મુકાવી પડે. સેવા તથા સ્નેહનો સુમેળ સંસ્થાના દરેક નાના-મોટા કામમાં જોવા મળે છે. આ સંસ્થાના સૂત્રધાર ડો. લત્તાબેન દેસાઈને તાજેતરમાં ભારત સરકારે પદમશ્રી આપીને તેમની સુદીર્ઘ સેવાનું ઉચિત રીતે ગૌરવ કર્યું છે. સંસ્થા જ્યાં કામ કરે છે ત્યાં જ ઝળહળી ઉઠી છે. આ ઝળહળાટ દિલ્હી સુધી પહોંચ્યો તથા સ્વીકૃત થયો તેની પ્રસન્નતા થયા કરે છે. "હોઈએ જ્યાં ત્યાં જ ઝળહળીએ અમે" એ કવિ રાજેન્દ્ર શુક્લની પંક્તિ સ્મૃતિમાં આવે છે. સેવા રૂરલની પ્રવૃત્તિ એ ગુજરાતનું ગૌરવ છે. ચાર દાયકાથી વધારે સમયની આ સંસ્થાની યાત્રા ભાતીગળ છે. ઉપર જેનો ઉલ્લેખ કયો છે તેવા અનેક કિસ્સાઓ સેવા રૂરલના વાર્ષિક અહેવાલમાંથી જોઈ શકાય છે. સંવેદનશીલતા સાથેની સેવા એ તેની પૂર્વભૂમિકા છે.

સંસ્થામાં જે કામો થાય છે તેનું સ્વરૂપ તથા વ્યાપ બંને નોંધપાત્ર છે. છતાં મહત્વની વાત એ છે કે સંસ્થાની આંતરિક વિચારધારા એ આ માનવતાપૂર્ણ પ્રવૃતિઓનું ચાલકબળ છે. સંસ્થાના દ્રષ્ટિવાન ટ્રસ્ટીઓ માને છે કે તેમની સમગ્ર ગતિવિધિઓમાં સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ તથા આધ્યાત્મિક દ્રષ્ટિકોણ કેન્દ્રસ્થાને છે. આ ત્રણ બાબતનો સમુચિત સમન્વય એ જ સંસ્થાની ખરી મૂડી છે. આધ્યાત્મિક દ્રષ્ટિકોણના કારણે અહીં જેમને સેવા આપવામાં આવે છે તેમને જ કેન્દ્રમાં રાખી સંપૂર્ણ આયોજન થાય છે. મદદ કરવામાં પણ ગરિમા તથા વિવેક જળવાય છે. આ બાબત એ સૌથી મહત્વની છે. દેખાવ ઓછો અને કામ વધારે એ ગાંધી-વિનોબાની વિચારધારાનો અહીં વાસ્તવિક અમલ થતો જોવા મળે છે. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન(ય્સ્ઙ્ઘઝ)માં મારે કામ કરવાનું થયું ત્યારે સંસ્થાનો વિશેષ તથા વાસ્તવિક પરિચય થયો. જીએમડીસીનો એક માઈનિંગ પ્રોજેક્ટ સેવા રૂરલની નજીકમાં જ હોવાથી સંસ્થામાં પણ વખતોવખત જવાની તક મળી. આથી વાસ્તવિક દર્શન પછી સંસ્થા વિશેનો ઊંડો આદર મનમાં સ્થિર થયો અને તે કાયમ રહ્યો. રામકૃષ્ણ મિશન જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની જેમ 'સેવા રૂરલ' એક સ્ટ્રક્ચરલ ડિઝાઈનમાં કામ કરે છે. આથી અહીં ઍડહૉકીઝમ જોવા મળતું નથી. તબીબી સેવા એ દિવસે દિવસે મોંઘી બનતી રહી છે. સામાન્ય માણસને અનેક વખત સારવારનો ખર્ચ પરવડી ન શકે તેવો લાગે છે. સેવા રૂરલ આ સ્થિતિમાં ખુબ જ કિફાયતી દરે સારવારની પ્રવૃતિ કરે છે. ગામડાઓમાં કામ કરવાનો જે અમૂલ્ય અનુભવ સંસ્થાના કાર્યકરોને મળે છે તેના આધારે રિસર્ચ પેપર પણ તૈયાર થાય છે. આથી સ્વાભાવિક રીતે જ સંસ્થાના અનુભવોના નિચોડનો લાભ અનેક વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને મળે છે. સંસ્થાને મળતો દાનનો અવિરત પ્રવાહ તેની વિશ્વસનીયતાને કારણે ઉત્તરોઉત્તર વધતો રહ્યો છે.

આરોગ્ય ઉપરાંત આ વિસ્તારના પ્રમાણમાં ઊંચા શિક્ષિત એવા આદિવાસી યુવાનોને ઉદ્યોગગૃહોની જરૂરિયાત મુજબ તાલીમ આપીને આ યુવાનો રોજી-રોટી મેળવતા થાય તેવા અનેક સફળ કાર્યક્રમો સંસ્થા સતત કર્યા કરે છે. લત્તાબહેનનું સન્માન એ ખરા અર્થમાં સંસ્થાના નાનામાં નાના કર્મયોગી સેવકનું સન્માન છે. મા શારદાદેવીની કૃપાથી તેમજ તેમની પ્રેરણાથી આ સંસ્થા અનેક બહેનો માટે મજબૂત આધાર બની છે. ખરેખર તો આ માતૃભાવની તથા માતૃદર્શનની સર્વવ્યાપક્તા છે.

આપણાં દેશમાં આપણે શાસ્ત્રોનો આધાર લઈને નારીના ગૌરવની વાતો કરીએ છીએ પરંતુ આપણું વાસ્તવિક આચરણ તેનાથી મોટાભાગે જુદું હોય છે. મહિલાઓનું સન્માન અને તેમની શક્તિની સ્વીકૃતિ માટે હજુ ઘણું કરવાનું રહે છે. 'ર્દ્બસ્ઈજીંઝ ફૈંન્છદ્વઝઈના કેસો મોટી સંખ્યામાં 'અભયમ' હેલ્પ લાઈનમાં નોંધાતાં રહે છે. આથી મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષના સેવારૂરલના પ્રયાસો ખૂબ જ ઉચિત તથા આવશ્યક છે. ખરા અર્થમાં અહીં મહિલાઓનું સશક્તિકરણ થતું રહે છે. સંસ્થા સાથે જોડાયેલા એક બહેન નિઃસંકોચ થઈને કહે છે કે દીકરીઓને જન્મ આપવા માટે તેઓ ગુનેગાર નથી. આ બાબતના કારણોની સમજ સંસ્થાએ તેમને આપી છે તથા તેઓ આ વાત અન્ય બહેનોને પણ સમજાવી રહ્યા છે. સામાજિક જાગૃતિનું આ કાર્ય માત્ર કાયદાઓ કરવાથી વ્યાપક તથા સ્થાયી રીતે થઈ શકાતું નથી. સેવારૂરલ જેવી સંસ્થાઓનો તેમાં વિશેષ ફાળો છે. જનમાનસનું ઘડતર એ સંસ્થાની ખરી સફળતા છે.

# એ યો હોના હી થા !!



હળવે હૈયે
પ્રકાશ લાલા

હમણાં જ ગઈ એ હોળી આમ તો બાર મહિને એકવાર આવતો ને ઊજવાતો તહેવાર છે. એ અલગ વાત છે કે કેટલાંક ઘર પરિવારમાં બારે મહિના અવારનવાર 'હોળી' પ્રગટતી રહેતી હોય છે. ધૈર્ય, સહનસીળતાનો અભાવ, જતું ના કરવાની જીદ -આ બધાંના કારણે અહંનો ટકરાવ, પછી ઘરમાં હોળી કહેતાં 'હૈયા હોળી' અશાંતિનાં અગ્નિમાં પરિણમતો હોય છે.

એમ તો 'મહાભારત' ભલે વેદવ્યાસજીએ લખ્યું હોય અને પાંડવો - કૌરવે વચ્ચે એક વાર જ ખેલાયેલું યુદ્ધ, હોય પણ આપણે ત્યાં વાત વાતમાં 'મહાભારત' ખડું કરી દેનારા 'મહાભારતકારો'ની કમી કયાં છે ?

એક પરિવારમાં નાનકડાં મુદ્દે પતિ-પત્ની વચ્ચે મોટું 'મહાભારત' સર્જાયું અને 'હોળી' સળગી. પતિદેવ મોં લટકાવીને બેસી ગયેલા.... એટલામાં અમારા રેડ અંકલ જેવા સેવાભાવી સ્વજન એમને ત્યાં આવ્યા... ઘરના માલિકને (પુરુષ એટલે ઘરનો સ્વામી - માલિક એવું આપણે ત્યાં મનાય છે, પરંતુ મોટાભાગના કિસ્સામાં એ 'ભ્રામક' માન્યતા પુરવાર થાય છે... હકીકતે ઘરની સ્ત્રી જ સર્વેસર્વા હોય છે.... જય નારી શક્તિ... જય વિશ્વ મહિલા (દિન!) દુઃખી, વ્યગ્ર જોઈ એ સ્વજને પૂછ્યું : 'ભાઈ, કેમ હતાશ થઈને બેઠો છે ?'

'જવા દો ને વડીલ .... હવે જીવવામાં કંઈ રહ્યું નથી... પત્ની વાતે વાતે ઝઘડા કરે છે... ઘરમાં શાંતિ નથી.... મારે મરી જવું છે....' પતિદેવે રડસમ સ્વરે બોલ્યા....

'એવું છે ?' વડીલે કહ્યું, : 'ચિંતા ના કર.... હું છું ને તને મદદ કરનારો....'

'તમ મને શી મદદ કરશો ?' પતિદેવે ખૂબ આશાભર્યા અવાજે પૂછ્યું....

'તારે જો ફાંસો ખાઈને મરવું હોય તો સારું - મજબૂત દોરડું હું લાવી આપું, તારે ઝેરી દવા પીને મરી જવું હોય તો લઈ આવું.... તારે ટ્રેઈન નીચે પડતું મૂકવું હોય તો રેલવે ટ્રેક સુધી તારી સાથે આવીશ ને ટ્રેઈન આવે ત્યાં સુધી કંપની આપીશ...'

આ સાંભળીને પેલા પતિદેવને પત્નીને બદલે આ વડીલ ઉપર ગુસ્સો આવ્યો. એને એમ હતું કે વડીલ મને મદદ કરશે એટલે કે મારી વાઈફને સ્વભાવ સુધારવા - શાંતિ રાખવા - ઝઘડા ન કરવા - સમજાવશે એને બદલે વડીલ તો ભળતી જ મદદ કરવા રેડી હતા.... ઘણીવાર બીજાને સહાયરુપ થવાના, સહાનુભૂતિ દર્શાવવાના ઉત્સાહમાં વ્યક્તિ કેવી મદદ કરવી એ ય ભૂલી જતી હોય છે તે આનું નામ.

અમારા લાલાકાકાનું ય કંઈક આવું જ છે.... તહેવાર આવે ને અમારા ઉત્સાહી-ઉત્સવપ્રિય અંકલનો જીવ ઝાલ્યો નથી રહેતો... એવા સ્વભાવવશ અંકલ હોળી - ધૂળેટીના ચારેક દિવસ પૂર્વે અમારે ત્યાં આવી પહોંચ્યાં 'પનુભાઈ, હોળી આવે છે.'

'નથી આવવા દેવી પણ એને આવતી રોકશો કઈ રીતે, અંકલ ?' લાલાકાકાના 'પારકે પૈસે પરમાનંદ' અને 'મુસાભાઈના વા પાણી' એ જીવનમંત્ર ને સારીરીતે જાણતા અમે સમજી ગયેલા કે રેડ અંકલ હોળી - ધૂળેટી ઊજવવાનો કોઈ 'પ્લાન' લઈને જ આવ્યા છે એટલે વાતને આડે પાટે ચઢાવવા અમે પ્રતિ પ્રશ્ન કર્યો.

અંકલ અકળાયા : 'એમ નહીં, યાર... મારું કહેવું એમ છે કે ચોકઠામાં હોળી - ધૂળેટીની સામૂહિક ઉજવણીનું આયોજન ના કરવું જોઈએ?'

'કરવું જોઈએ, કરો.'

'એમ છટકો નહીં, પનુભાઈ આપણે સાથે મળીને કરીએ....'

ના છૂટકે સરન્ડર થતાં અમે પુછ્યું : 'શું શું કરવું છે ?'

'ધૂળેટીએ સૌ સમૂહમાં રંગે રમે ને પછી બધા સાથે જમે એવું ગોઠવીએ....'

'સરસ. મતલબ કે રંગ જોઈશે, પાણી જોઈશે. કેટરીંગ વાળાને બુક કરવો પડશે' ખરું ને ? 'અમે જાણે અંકલની વાતમાં બહુ રસ લેતા હોઈએ એમ ગણાવ્યું. એથી એકસ્ટ્રા ઉત્સાહિત થઈને રેડ અંકલ બોલ્યા : 'હાસ્તો.'

'પણ અંકલ, જમવાનું 'મેનુ' સેટ કરવાનું કામ બહુ અઘરું છે. એક આ મેનુ સજેસ્ટ કરે ને બીજાને બીજું પસંદ હોય.....'

'એ મારા પર છોડી દો... હું બધાને મનપસંદ મેનુ નક્કી કરી આપીશ.' કવેશ્ચન સોલ્વને ? 'હા..... તો બહુ સારું અને કાકા, મંડલ - ડેકોરેટર્સને ખુરશી- ટેબલો માટે કહેવું પઢશે....' 'ફિકર નોટ.... હું કહી દઈશ... કેટરરને પણ કહી દઈશ. ઓ.કે. ?'

'વાહ... ને રંગ પાણીની વ્યવસ્થા તો ચોકઠાની યુવા ટોળકી કરી જ દેશે...'

'રાઈટ.... તો પનુભાઈ, બાકી શું રહ્યું ?' રેડ અંકલે જાણે બધું ગોઠવાઈ જ ગયું હોય એવા આનંદથી પૂછ્યું...

'લાલાકાકા, ચોકઠાવાસીઓને આ પ્રોગ્રામની જાણે ય કરવી પડશે ને.....'

'એ ય જવાબદારી મારી... હું કાલે જ દરેકના ઘરે જઈને જણાવી દઈશ....' 'ને બધાને ત્યાં મફતિયા ચા પીતો આવીશ, એમ જ ને ! અમે મનમાં બબડ્યા.'

'બોલો હવે.'

'કાકા મારા, સૌથી મોટું ને અગત્યનું કામ તો બાકી છે!'

'કયું ? બોલો, પનુભાઈ.... એ પણ કરી નાખું.... આપણે તો ઉમંગે ધૂળેટી ઊજવવાની જોઈએ... શું કરો છો ?'

'સાચી વાત.... અંકલ, આ ઊજવણી માટે પૈસા જોઈશે ને..... તેનું શું તમે કહો...'

બધું મફતિયા શોધતા રેડ અંકલ આ સાંભળી પીળા પડી ગયા...થોડીવાર મૌન રહી પછી એકદમ તાળૂક્યા.... 'પનુભાઈ, યાર, મેં કેટલું બધું કામ ઉપાડી લીધું છે... કેટરીંગવાળાને, મંડપવાળાને કહેવાનું, 'મેનું' નક્કી કરવાની ને ચોકઠાવાસીઓને કહી આવવાની - આટલી બધી જવાબદારી મેં ઉપાડી લીધી છે તો હવે રૂપિયા - પૈસા ભેગા કરવાની એક જવાબદારી તો તમે લો.... ના, ના..... એક વ્યક્તિ અને એ ય પાછી ઉંમરલાયક કેટલું કરે !!'

'ભલે... આ માટે દરેક પાસેથી નક્કી કરેલી રકમ ઉઘરાવવી પડશે... ફાળો, સમજ્યા કાકા...'

'હા... એ જ કરવું હોય તે કરજો.... પણ મેં પ્રોગ્રામ પ્લાન કરવાથી માંડીને કેટલાં કામ મારે માથે છે.. તો પનુભાઈ, મને ફાળામાંથી ય બાકાત રાખજો...' કહીને લાલાકાકા અમારાં શ્રીમતીજીએ આપેલી ચા પીવામાં વ્યસ્ત થઈ ગયા....

ને રેડ અંકલના સ્વભાવને બરાબર જાણતા અમે 'યે તો હોના હી થા...' ગાતાં કપાળ કૂટ્યું!!!

# સિંહિકાને સંબોધન.....





અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હે દેવી હોલિકા....!!!

ફાગણની પૂનમ હોય, અને તને યાદ ન કરું, તો હું નગુણો કહેવાઉં, પોતાની મા હોય, પોતાની દેવી હોય - એને 'તુ' કારો થાય. તારું ચરિત્ર જાણે,એને ખબર છે - તું સૌ કોઈ માટે મા ચો, દેવી છો !

તારું નામ 'સિંહિકા' પણ હતું, એ તો હમણાં જ ખબર પડી, બરોબર છે. સિંહણ જેવું તારું કામ. સિંહણ ઘૂરકયા વગર, ધીમી ગતિએ, ચૂપચાપ પોતાનું કામ પાર પાડી લે, શિકારનું કામ. લોકોના કલ્યાણ માટે, બાળકનો જાન બચાવવા, તે ચૂપચાપ, કોઈને સમજ ન પડે, એ રીતે પોતાની જાતને હોમી દીધી !

ઋષિ કશ્યપ અને દિતિની તું દીકરી. તું કાંઈ જે તે નહતી. બે નરબંકાઓ તારા મોટા ભાઈઓ - મોટો હિરણ્યાક્ષ, નાનો હિરણ્યકશિપુ. બંને આડો આંક. તું બંનેથી જુદી. બંનેએ ભગવાન સાથે દુશ્મનાવટ વહોરી લીધી. એમાં મોટાંએ તો પોતાનો જાન ખોયો. નાનો તો એને જ રસ્તે. એને તો અમરતાના ઓરતા જાગ્યા. તપ કરીને વરદાન મેળવ્યા.

તું આ બંનેથી જુદી. પરમ સાત્વિક અને ધાર્મિક. ભગવાન તો સામે ચાલીને, ખુશીથી, તને વરદાન આપે. શિવજીએ તને વરદાન આપ્યાં. 'તું દિવસે નહિ મરે, રાત્રે નહિ મરે, તું બિમારીથી નહીં મરે, તું શસ્ત્ર અને શાસ્ત્રથી નહિ મરે.' અગ્નિદેવે તને શાલ આપી. તું એ ઓઢી લે, એટલે તને આખે શરીરે જાળ ન લાગે.

તારા ભાઈ, હિરણ્યકશિપુને ભગવાન વિષ્ણુ સાથે વૈર. એમાં એને પુત્ર જન્મયો. આનંદ થયો. એટલે નામ રાખ્યું પ્રહલાદ. પણ એનો આનંદ વધુ ન ટક્યો. પુત્ર તો વિષ્ણુ ભક્તિને રવાડે ચડી ગયો. એમાંથી પાછો ન વળે. એટલે બાપ થઈને દીકરાને મારી નાખવાના કાવતરાં કરવા લાગ્યો.

તને ખબર હતી. બાળકને કાંઈ નહિ થાય. તારી ભાભી કયાધુ. એ સગર્ભા હતી. ત્યારે દેવર્ષિ નારદે બાળકમાં વિષ્ણુ ભક્તિનો દૃઢ કરી રાખેલો. પણ એકવાર તો ભારે થઈ. તારો ભાઈ તારી પાસે આવ્યો અને કહે - 'આને મારી નાખવામાં મદદ કર.' તે વિચાર્યું - આ તો જડ છે, હું ના પાડીશ, તો મને મારી નાખશે. જે દીકરાનો નથી થયો. એ બહેનનો શું થવાનો ? આના હાથે મરવું - એના કરતાં, પ્રહલાદ માટે - ભગવાન વિષ્ણુના અંશ માટે - ન મરું ?

તેં બીજે દિવસે સાંજે બાપ દીકરાને બોલાવ્યા. પોતાનો, હરિ મંદિર જેવો મહેલ. એના ફળિયામાં તેં લાકડાં ગોઠવી રાખ્યા. સાંજ હતી - ફાગણની પૂનમની. પોતે ચિતા ઉપર ચઢી બેઠી. ખોળામાં ભત્રિજાને રાખ્યો. એને પ્રેમથી પસવાર્યો. ભગવાન વિષ્ણુને પ્રણામ કર્યા. અગ્નિદેવ ને પ્રણામ કર્યા. પરંતુ શાલ ન ઓઢી ! ભાઈને કહ્યું, 'મશાલ ચાંપો.' ભાઈને એમ કે - 'તું બચી જઈશ - પ્રહલાદ બળી જશે.' પણ ઊલટું થયું. જો, તારું આયોજન - આત્મસમર્પણ. (૧) ન દિવસ, ન રાત (૨) ન બિમારી, (૩) ન શસ્ત્ર, અસ્ત્ર (૪) મોતનું નિમિત્ત અગ્નિ. એમાં પણ શાલ નહિ. લોકોના કલ્યાણ માટે પ્રહલાદ જીવતો રહે, ભગવાનનો ટકી રહે એના માટે તેં તારી જાતને હોમી દીધી! દેવી હોલિકા ! તારી આ મહાનતા ને, સાત પ્રદક્ષિણા સાથેના પ્રણામ.